
# ઓનલાઈન રજીસ્ટ્રેશન


- તમારા વેબ બ્રાઉઝરમાંથી www.gujacpc.nic.in વેબસાઈટ ખોલો. વેબસાઈટનું પ્રથમ પેજ નીચે પ્રમાણે દેખાશે.




- પ્રથમ વખત રજીસ્ટ્રેશનકરવા માટે New Candidate Registration ટેબ પર ક્લિક કરો જેથી તમે તમારી જરૂરી માહિતી ભરી શકશો.

- જો તમે પહેલે થી રજીસ્ટ્રેશન કરેલ હોય તો Login ID અને Password લખીને આગળ વધી શકો છો.


- New Candidate Registration પર ક્લિક કરવાથી તમને નીચે પ્રમાણેનો સ્ક્રીન દેખાશે.




- ઉપરના સ્ક્રીન માં તમારી વ્યક્તિગત માહિતી જેવી કે પ્રવેશાર્થીનું નામ, ISD Code, Mobile નંબર તથા E-mail ID લખો.
- ત્યાર બાદ તમારું User id અને Password નક્કી કરી લખો.(તમે નક્કી કરેલ User id જો બીજા કોઈ એ રજીસ્ટર કરાવેલ હશે તો સોફ્ટવેર તમને બદલવાનું કહેશે.). ત્યાર બાદ Security Pin જમણી બાજુમાં આપેલ ચિત્ર પ્રમાણે લખી Submit બટન ક્લિક કરો.

**User id અને Password સમગ્ર એડમીશન પ્રક્રિયા દરમ્યાન યાદ રાખો.**


- Submit નું બટન ક્લિક કરતા નીચે પ્રમાણે નો સ્ક્રીન જોવા મળશે.




- સોફ્ટવેર તમને ફરી એક વાર પૂછશે કે શું તમે ખરેખર સબમિટ કરવા માગો છો? જો તમારો જવાબ હા હોય તો **Yes** નું બટન ક્લિક કરી આગળ વધો.


- નહીતર **No** પર ક્લિક કરી તમે ભરેલી માહિતી માં સુધારો કરી ફરી સબમિટ કરો.

- હવે સોફ્ટવેર તમને નીચે પ્રમાણે **Edit** કે **Final Submit** માટે પૂછશે. જો **Edit** ના કરવું હોય તો **Final Submit** પર ક્લિક કરો.




- તમારી ભરેલી માહિતી ફરી એક વાર ચેક કરીને **Final Submit** બટન પર ક્લિક કરો.
- **Final Submit** પર ક્લિક કાર્ય બાદ સોફ્ટવેર તમારા મોબાઈલ નંબર ની ખરાઈ કરવા માટે OTP(One Time Password) મોકલશે.

- તમારા મોબાઈલમાં આવેલ OTP તથા નીચે ચિત્રમાં દર્શાવેલ સિક્યુરિટી પીનભરીને **Verify & Final Submit** બટન પર ક્લિક કરો.





- **Verify & Final Submit** બટન પર ક્લિક કરવાથી તમારા મોબાઈલ પર રજીસ્ટ્રેશન પૂર્ણ થયાનો Confirmation મેસેજ આવશે,





ત્યાર બાદ **Click to Login and Complete Profile** બટન પર ક્લિક કરો.

- 


બટન પર ક્લિક કરતાં નીચેની Login સ્ક્રીન ફરીથી દેખાશે.




- તમારા User ID અને Password નો ઉપયોગ કરી ફરીથી Loginકરો.
- Login કર્યા બાદ નીચે પ્રમાણેનો સ્ક્રીન જોવા મળશે. અહી તમે પ્રવેશ લેવા માટે ઉપલબ્ધ કોર્સ જોઈ શકો છો જેમ કે B.E/B.Tech, B.Pharma/D.Pharma, MBA/MCA, Diploma to Degree Engineering, ME/M.Tech/M.Pharm.વગેરે.




- સૌ પ્રથમ તો સ્ક્રીન પર ડાબી બાજુ દેખાતા Profile Section માં Personal details પર ક્લિક કરો.



**Personal Details:**

- તમારું નામ, પિતાનું નામ, માતાનું નામ, જન્મ તારીખ, પુરુષ/સ્ત્રી, રાષ્ટ્રીયતા, રાજ્ય તથા જાતિની વિગતો ભરો.

**Category:**

- SEBC/SC/ST/EWS કેટેગરી માટે તમારી પાસે જાતિ દર્શાવતું માન્ય પ્રમાણપત્ર હોવું જરૂરી છે.

**Sub Category Details:**


- **Physically Handicapped:** જો તમે ૪0% કરતા વધુ Physically Handicapped હોય તો YES લખો અને Percentage of Disability માં અક્ષમતાનું પ્રમાણ ટકામાં લખો (માન્ય સિવિલ સર્જન નું પ્રમાણપત્ર જરૂરી છે.)
- **Ex/In-Service Man:** જો તમારા પિતા Ex/In-Service Man હોય તો YES લખો.
- **Tuition Fee Waiver:** જો તમારી વાર્ષિક ફેમીલી આવક ૮ લાખ કરતા ઓછી હોય તો YES લખો. (માન્ય આવકનું પ્રમાણપત્ર જરૂરી છે.)

**Other Information:**

- **Family Annual Income :**તમારા કુટુંબની વાર્ષિક આવક લખો
- **Free Ship Card:** જો તમે SC કે ST કેટેગરીમાં હોય અને કુટુંબની વાર્ષિક આવક ૨.૫ લાખ કરતા ઓછી હોય તો YES લખો. (માન્યઆવકનું પ્રમાણપત્ર જરૂરી છે.)

Personal Details ભર્યા બાદ SAVE & NEXT પર ક્લિક કરો.

- SAVE & NEXT કરતા નીચે પ્રમાણે સ્ક્રીન દેખાશે.




## Upload Documents/images:


1. Choose File બટન પર ક્લિક કરી તમારો હાલનો પાસપોર્ટ સાઈઝનો ફોટોગ્રાફ Upload કરો.
2. Choose File બટન પર ક્લિક કરી જન્મતારીખ દર્શાવતું શાળા છોડ્યાનું પ્રમાણપત્ર કે SSC પ્રમાણપત્ર કે આધાર કાર્ડ ગમે તે એક Upload કરો.

## Document Number:


- જો શાળા છોડ્યાનું પ્રમાણપત્ર Upload કર્યું હોય તો શાળાનો GR NUMBER લખવો
- જો SSC પ્રમાણપત્ર Upload કર્યું હોય Certificate Number લખવો
- જો આધાર કાર્ડ Upload કર્યું હોય તો આધાર નંબર લખવો

- હવે Submit and Preview બટન પર ક્લિક કરો.
- Submit and Preview કરતા તમને Dashboard પર તમારો Application number દેખાશે. આ નંબર સાચવીને યોગ્ય જગ્યા એ લખી રાખો.

- ACPC Gujarat B.E./B.Tech Counseling માં **Click Here to Apply** બટન પર ક્લિક કરો.





- Dashboard માં Status કોલમ માં ઘણી બાબતો incomplete દેખાશે.




| Application Forms | Status |
|---|---|
| Registration Form | Completed |
| Application Form | Incomplete |
| Qualification Details | Incomplete |
| Competitive Exam Details | Incomplete |
| Contact Detail | Incomplete |
| Upload Documents/Images | Incomplete |
| Final Submit | Incomplete |
| Pay Registration Fee | Incomplete |

- આ વિગતો ભરવા માટે Application Form પર ક્લિક કરો.

- **Application Form** પર ક્લિક કરતા નીચેનો સ્ક્રીન દેખાશે.




Qualification Details માં નીચે પ્રમાણે વિગતો ભરો.

**Class 12th or Equivalent Marks Details:**

**Passing Status:** રિઝલ્ટ માં PASS વિકલ્પ પસંદ કરો.

**Passing Month:** રિઝલ્ટ આવ્યા નો મહિનો પસંદ કરો.

**Passing Year:** રિઝલ્ટ આવ્યા નો વર્ષ પસંદ કરો.

**Qualification Exam State:** જે રાજ્ય માંથી પરીક્ષા પાસ કરી હોય તે રાજ્ય નું નામ લખો.

**Qualification Exam District:** જે જીલ્લામાંથી પરીક્ષા પાસ કરી હોય તે જીલ્લાનું નામ લખો.

**Passing Board:** જે માધ્યમિક બોર્ડ માંથી પરીક્ષા પાસ કરી હોય એ બોર્ડનું નામ.


**Seat No/Roll No:** પરીક્ષા નો બેઠક નંબર લખો.

**SID No:** તમારી માર્કશીટમાં લખેલ SID No લખવો.

**School index Number:** તમારી શાળા નો Index Number લખવો.

**School/Institute Name:** તમારી ૧૨ માં ધોરણ ની શાળાનું નામ લખો.

**SAVE & NEXT** પર ક્લિક કરતા Competitive Exam Details નું પેજ ખુલશે.




## GUJCET Examination Details:

- **GUJCET Roll No :** તમારો GUJCET નો Roll No લખવો
- **GUJCET Application No:** તમારો GUJCET નો Application No લખવો
- **Name of Candidate as per GUJCET Exam:** તમારું નામ GUJCET Exam પ્રમાણે જ લખવું.


**ઉપરની માહિતી GUJCETની Hall Ticket માંથી પ્રાપ્ત થશે.**

## JEE (Main) Examination Details:


- **JEE(Main) Application No:** અહી JEE(Main) પરીક્ષાનો Application No લખવો
- **Name of Candidate As per JEE (Main) Exam:** તમારું નામ JEE (Main) Exam પ્રમાણે જ લખવું.
- 

પર ક્લિક કરતા Document Upload કરવા માટેનું પેજ ખુલશે.

- **Upload Documents/images:**





- ડોક્યુમેન્ટ અપલોડ કરતી વખતે તમારે ડોક્યુમેન્ટ નંબર ત્રીજી કોલમ મા નાખો, ચોથી કોલમ મા Choose FILE બટન પર ક્લિક કરી પ્રમાણપત્રની સ્કેન કોપી Upload કરો **Preview & Upload** બટન પર ક્લિક કરો.
- **Preview & Upload** બટન પર ક્લિક કરતા નીચે પ્રમાણેનો સ્ક્રીન જોવા મળશે.



- હવે અપલોડ કરેલ ડોક્યુમેન્ટ જોઈ ને SAVE બટન પર ક્લિક કરો.
- આ રીતે નીચે મુજબ ના આપ ને કોલમ એક મા દર્શાવેલ દરેક ડોક્યુમેન્ટ અપલોડ કરવા ના રહેશે.

1. **Category (Caste) Certificate**
2. **PWD Certificate**
3. **HSC Mark sheet**
4. **Income Certificate**
5. **ESM Certificate**
6. **Free Ship Card Certificate**
7. **Non creamy layer** Certificate Parishisht -4 in Gujarati (નોન ક્રીમીલેયર પ્રમાણપત્ર પરિશિષ્ટ-૪ ગુજરાતી મા)


- જો તમારા ડોક્યુમેન્ટ ની સાઈઝ કોલમ ૨ માં દર્શાવેલ મહત્તમ સાઈઝ કરતા વધુ હશે તો ડોક્યુમેન્ટ upload નહિ થાય.


Uploaded Documents

| S.No. | Document Type | Document Number | View |
|---|---|---|---|
| 1 | Socially and Educationally Backward Classes (SEBC) Certificate | 1 | Click Here For Large View |
| 2 | Person with Disability (PwD) Certificate | 1 | Click Here For Large View |
| 3 | 12th Marksheet/Certificate | 1 | |

- ત્યાર બાદ તમારીબધી જ માહિતી ચકાસી લો અને નીચે આપેલ Declaration વાંચી-સમજી તેના ચેક્બોક્ષ ☑ માં ટીક કરો.તથા છેલ્લે SAVE & FINAL SUBMIT બટન પર ક્લિક કરો

- . SAVE & FINAL SUBMIT બટન પર ક્લિક કર્યા બાદ રજીસ્ટ્રેશન ફી ભરવા માટેનું પેજ ખુલી જશે.




- Pay Registration Fee પરક્લિક કરીને તમે CREDIT CARD/ DEBIT CARD/ NETBANKING કે UPI દ્વારા રજીસ્ટ્રેશન ફી ભરી શકો છો. ફી ભરાઈ ગયા બાદ તમારી રજીસ્ટ્રેશન પ્રક્રિયા પૂર્ણ થાય છે.

# **તમારો Application Number**

# **તથા**

# **User ID અને Password**

# **સાચવીને રાખજો**